## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

દીન-દુખિયાંની રક્ષા કરશું હે ભારતમાતા !
સ્ત્રી-શક્તિ-શીલની રક્ષા કરશું ભારતમાતા !
કરશું રક્ષા રાષ્ટ્રની, શહીદ થઈ જશું અમે -
લોકશાહીની અમે કરશું રક્ષા, હે ભારતમાતા !
(રક્ષાનું બંધન અમે સ્વિકારીએ છીએ!)

**હાઈકુ**

હે મા-બહેનો!
છે પ્રતિજ્ઞા અમારી
કરશું રક્ષા...

લડશું અમે
રક્તના બૂંદ સુધી
રાખજો શ્રદ્ધા...

### ચિંતન

**કામક્રોધ મદ લોભ પરાયન, નિર્દય કપટી કુટિલ મલાયન ।**
**બયરે અકારન સબ કાહુ સો, જો કર હિત અનહિત તાહુ સો ॥**

ઉપરોક્ત સાખી તુલસીકૃત રામાયણમાંથી લેવામાં આવેલ છે.

અસંત, દુર્જન, દુષ્ટ-લુચ્ચા લોકોનાં સ્વભાવનાં લક્ષણ જણાતાવ કહેવાયું છે : તેઓ કામ, ક્રોધ, લોભ અને મદ વિશે પ્રીતિ કરવાવાળા, દયારહિત, કપટી અને કુટીલ તથા અપવિત્ર હોય છે. વળી, તેઓ વિના કારણ સઘળાથી વેર બાંધનારા તથા જે લોકો વિના સ્વાર્થ તેમની ભલાઈ કરતાં હોય છતાં તેમની તરફ દ્વેષ રાખીને પણ તેમની બૂરાઈ કરે છે.

અસંત-દુષ્ટ લોકો કામ-વાસના અને સંસાર ગત મોહ માયાથી એવા આવરિત હોય છે કે એમના જીવનનું ધ્યેય જ લોભ અને માયામય થઈ ગયું હોય છે. જીવનની નાની નાની લબ્ધિ હોય પણ તઓ ગર્વ - અભિમાનમાં છકેલા રહે છે.

કપટી - કુટિલ માણસ સ્વાર્થ વિના કોઈ સારો માણસ ભલમનસાઈ દાખવે તો પણ તેમના શંકાશીલ સ્વભાવને કારણે તેમને તો એમ જ હોય છે કે આ મારા મારે કોઈ 'ગેઈમ પ્લાન' ગોઠવે છે. તેથી સારા માણસનો દ્વેષ કરે છે, બૂરાઈ કરે છે.

### સુવિચાર

- જયારે પરિસ્થિતિ મનુષ્યના સ્વભાવે અનુકૂળ હોય છે ત્યારે મનુષ્ય સુખી હોય છે, પરંતુ જે માણસ પોતાનો સ્વભાવ પરિસ્થિતિને અનુકૂળ બનાવી શકે તે સૌથી વધુ સુખી છે - **અમૃતબિંદુ**
- હાલાતોં ને જો 'ચેપ્ટર' સિખાયા હૈ, ઉસકે એક એક શબ્દ યાદ રહતે હૈ - **તરુણસાગર વિજયજી**
- અપવિત્ર વિચાર પણ અપવિત્ર કર્મ જેટલો જ ભયંકર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખમે છે બાર જે મારો હું એ કણ-કણનો ઋણી છું,
  છતાં માતા-પિતા-શિક્ષક વિશેષ એ ત્રણનો ઋણી છું - **સંદીપ પુજારા**
- જ્ઞાન સેવાપરાયણ હોવું જોઈએ અને સેવા પ્રભુ પરાયણ હોવી જોઈએ - **પ્રેમચંદ**
- ઉત્તમ સલાહ આપવાનો કોઈ અર્થ નથી, સરળ અને વાસ્તવિક સલાહ આપવી - **પ્લેટો**
- આજનું ઔષધ : તુલસીના પાનને દહીં કે છાશમાં ખાવાથી વજન ઘટે છે અને શરીર સપ્રમાણ બને છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઘેટા-બકરા ચરાવનાર એક ભરવાડે પોતાના એક મોટા બકરાની ડોકે એક ચમકીલો પથ્થરનો ટુકડો બાંધ્યો હતો. એક દિવસ એક ઝવેરી પોતાની ગાડીમાં શહેર તરફ જઈ રહ્યો હતો. એની નજર પેલા બકરાની ડોક ચમકતી વસ્તુ પર પડી. ગાડીમાંથી ઊતરી તેણે ધ્યાનથી બકરાની ડોકનો પત્થર જોયો. ઝવેરીની પારખુ નજર આ હીરાને ઓળખી ગઈ. હીરો અમૂલ્ય હતો. ઝવેરી હોંશિયાર હતો અને લાલચું પણ હતો. એણે હીરો સસ્તામાં પડાવી લેવાની વૃત્તિથી ભરવાડને કહ્યું, 'ભાઈ, આ કાચનો ટુકડો વેચવો છે?' કેટલા રુપિયા લેવા છે ? ભરવાડે કહ્યું, 'તમને એ કામ લાગતો હોય તો એમ જ લઈ જાઓ, મને તો રસ્તામાંથી મળ્યો છે. આમ છતાં ખરીદવો જ હોય તો હજાર રુપિયા આપો !' ઝવેરીને લોભ જાગ્યો. એણે કહ્યું, 'પાંચસો રુપિયામાં આપ' એમ કહીને ચાલતા થવાનો દેખાવ કર્યો. એટલામાં ઘેટા-બકરા આઘા-પાછા થઈ જતા ભરવાડ એમને કંટ્રોલ કરવાની પળોજણમાં પડ્યો. ઝવેરી ત્યાંથી 'દાણા' નાખી નીકળી ચૂક્યો. બે કલાક પછી ઝવેરી પાછો ભરવાડને શોધતો આવ્યો અને કહ્યું, 'લે, આ હજાર રુપિયા, પેલો કાચનો ટુકડો આપ.' ભોળા પરવાડે કહ્યું, 'થોડીક વાર પહેલા જ તમારા જેવો વેપારી બે હજાર રુપિયા આપીને એ ટુકડો લઈ ગયો.' ઝવેરીએ મોટા અવાજે કહ્યું, 'અરે ભોળા માણસ એ ટુકડો ખૂબ જ કિંમતી હતો.' ભરવાડે કહ્યું, 'મારા કરતાં તો તમે વધારે મૂરખ, તમે તો કિંમત, તમે તો કિંમત જાણતા હતા છતાં પાંચસો રુપિયાનો લોભ કરવા ગયા અને એ ટુકડો ગુમાવ્યો.'

# ભૈયા મેરે, રાખી કે બંધન કો ના ભુલાના!

**તંત્રીસ્થાનેથી...**

વિદેશોમાં કદાચ ભાઈબહેનના સંબંધને ઓછું મહત્ત્વ અપાતું હશે, નહીંતર ફાધર્સ ડે અને મધર્સ ડેની સાથે બ્રધર્સ ડે તથા સિસ્ટર્ડ ડે જેવી વ્યવસ્તા પણ અમલમાં આવી હોત. ત્યાં પ્રણયનો મહિમા છે અને એના પ્રતીકરુપે વેલેન્ટાઈન ડે પણ છે. આપણી સંસ્કૃતિમાં સંયુક્ત પરિવારનો મહિમા છે અને માતાપિતાને તો દેવતુલ્ય ગણી પૂજવાની પરંપરા છે. પરંતુ સામાજિક પરંપરાની રૂએ ભાઈ અને બહેનને યૌવનકાળ આવ્યે અલગ થવું પડે છે. બહેન એના સાસરે રહેવા ચાલી જાય છે અને ત્યાં જઈ પારકી વાડી ઉછેરે છે. આથી આપણી સંસ્કૃતિમાં 'ભાઈબીધ' અને 'બળેવ-રક્ષાબંધન' જેવાં બે વિશિષ્ટ પર્વો છે, જેના કેન્દ્રમાં ભાઈબહેનનો પવિત્ર પ્રેમ અને શાશ્વત સ્નેહ ધબકતો રહે છે. રક્ષાબંધન એટલે બહેનો માટેનો 'એકસ્ક્લુઝિવ ફેસ્ટિવલ.' એની દરેક બહેન ચાતક નજરે પ્રતીક્ષા કરતી હોય છે. ક્યારે બળેવ આવે અને હું ભાઈની કલાઈ પર મારા અંતરના ઉમળકાથી રસાયેલી અને આશીર્વાદથી રંગાયેલી રાખડી બાંધી આવું ! ભાઈને પણ વરસના વચલા દહાડે શ્રાવણી ઝરમર સમી એની બહેન પોતાના આંગણે આવી મોં મીઠું કરાવી રાખડી બાંધી આશીર્વાદ આપે એવી અપેક્ષા રહે છે. ભાઈ માટે બહેનથી વધારે નિકટની લોહીની સગાઈ હોઈ જ ન શકે. એ 'સહોદરા' છે. સહોદર ભાઈઓ તો પૈતૃક સંપત્તિ ખાતર ક્યારે મોટું મહાભારત રચી દે. પણ બહેન તો બંધારણીય અધિકાર હોવા છતાં રાજીખુશીથી ભાઈને બધું જ અભરામ નંદાવે સુપરત કરી, જે ઘરમાં જન્મી, ઊછરી, રમી, મોટી થઈ એની બારસાખે માથું અડકાડી કંકુથાપા દઈને હંમેશને માટે પારકા ઘરની બની જાતી હોય છે. એટલે કાચા સૂતરના તાંતણા સમી રાખડીનું મૂલ્ય રૂપિયા - આના - પાઈમાં તો આંકી જ ન શકાય. આવા પાવન પ્રસંગે જીવનના તમામ કટુમધુર અનુભવો કોરાણે મૂકી ભાઈ અને બહેનની આંખો નરી પ્રેમની અમીધારા જ વરસાવતી હોય છે. એવું પણ બને કે કોઈ ભાઈને મા જણી બહેન ન હોય અને કોઈ બહેનને મા જણ્યો ભાઈ - 'બંધવો' ન હોય. તો શું માનવતા મરી પરવાની છે ? ધર્મનો ભાઈ એની ધર્મની બહેન માટે જાનફેસાની કરી શકે. ઈતિહાસમાં આવાં અનેક ઉદાહરણો પડેલાં છે અને આપણી નજર સમક્ષ, આસપાસ પણ એવા ઘણા માંગલિક દાખલા જોવા મળે છે. એથીયે આગળ બહેન જ બીજી બહેન માટે 'ભાઈનો' પાઠ ભજવતી હોય એવાં દૃષ્ટાંતોનો પણ તોટો નથી. જાણીતા લોકગાયક મણિરાજ બારોટને ચાર દીકરીઓ જ હતી. પિતાના અવસાન પછી બીજા નંબરની દીકરી રાજલ બારોટે પિતાનો કલાવારસો તો દીપાવ્યો જ, સાથોસાથ એ બાકીની ત્રણ બહેનો માટે 'ભાઈ' બની ગઈ. એણે મોટી બહેનને ધામધૂમથી પરણાવી છે અને નાની બહેનોને એ ભણાવી રહી છે. પુરાણોમાં બલી રાજા અને વામન રુપે એની પાસે ભિક્ષા લેવા ગયેલા વિષ્ણુની કથા છે. સર્વસ્વ દાનમાં આપી દેનાર બલી રાજાને ખુદ ભગવાને રાખડી બાંધી છે. કુંતીએ યુદ્ધમાં જવા નીકળેલા તરુણ વયના પૌત્ર અભિમન્યુને રાખડી બાંધી હતી. રાખડી શબ્દ 'રક્ષા' પરથી આવ્યો છે. એ રક્ષાસૂત્ર છે. એમાં આશીર્વાદ, સ્નેહ અને મંગલ કામનાનો ત્રિવેણી સંગમ સમાયેલો છે. ગુરુ જયારે શિષ્યને રક્ષાસૂત્ર બાંધે છે ત્યારે એ પોતાની પ્રચ્છન્ન શક્તિનો શક્તિપાત કરી શિષ્ય પોતાનાથી સવાયો સિદ્ધ થાય એવી કામના કરતા હોય છે. ભુદેવો શ્રાવણી પૂર્ણિમાના આ પવિત્ર દિવસે જનોઈ બદલતા હોય છે. ચાતુર્માસના મધ્યમાં આવતું આ મંગલકારી પર્વ સૌને ફળો. વિશ્વની દુખિયારી પ્રજાને શક્તિશાળી પ્રજાનું રક્ષણ મળો. ભારતીય સંસ્કૃતિ તો વસુધૈવ કુટુમ્બકમ્‌ની ઉદાત્ત આસ્થા ધરાવે છે. આજે દુનિયા જરા આડા પાટે ચડી ગઈ છે.ત્યારે એના જગદ્‌ગુરુ તરીકેના પાઠમાં ઘણી ભૂખી અને તરસી નજરો એની પાસે આધ્યાત્મિક સુરક્ષાની આશા રાખે તે સ્વાભાવિક છે. ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આ મહાન રાષ્ટ્ર એની એ સ્વાભાવિક ફરજ બનાવવામાં ઊણું ન ઊતરે.

# આ લેખક મને તો માડીજાયો લાગ્યો છે!

**આરપાર**

રાઘવજી માધડ

ગુજરાતીઓ માટે કહેવાય છે કે, ગુજરાતીઓને ચોપડી કરતા ચોપડાઓમાં વધારે રસ હોય છે.પણ વરસોથી ચાલી આવતી આ પરંપરાગત ધારણા, માન્યતાના હવે ખોટી અથવા વાહિયાત સાબિત થવા પામી છે. કારણ કે 'સિંહનું કાળજું' નામે પુસ્તકની વિમોચનવેળાએ એકસઠ હજાર પ્રત પ્રગટ થઈ...જે ગુજ રાતની પ્રથમ ઘટના જ હશે પરંતુ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડઝ, લંડનમાં પણ તેની નોંધ લેવાઈ છે.

ઉત્તમ પુસ્તકો વિનાનું ઘર સ્મશાન જેવું જ ગણાય... કવિ કલાપી જયારે મોંઘી ઉર્ફે શોભનાના પ્રણય માં ચકચૂર હતા ને ત્યારે રાજકીય ખટપટોથી ગળે આવી ગયેલા આ રાજવીએ રાજપાટ છોડી ઝૂંપડીમાં રહેવા ધારેલું ત્યારે કહ્યું હતું : 'જીવીશ બની શકે તો એકલા પુસ્તકોથી..!' પુસ્તક ઉત્તમ મિત્ર છે.

આજે પુસ્તકની પ્રકાશન પ્રવૃત્તિ ફાલીફૂલી છે.પ્રકાશક નહીં તો જેતે કવિ-લેખકો જાતે, સ્વખર્ચે પુસ્તક પ્રગટ કરતા થયા છે.દર અઠવાડિયે એકાદ-બે પુસ્તકોની ભેટ મળે છે.જેનાથી આનંદ થાય છે. પરંતુ 'સિંહનું કાળજું' પુસ્તક મેં સામેથી મગાવ્યું હતું અને ઝેડકાડ પબ્લીકેશન, અમદાવાદના માલિક મનીષ પટેલ દ્વારા વળતા દિવસે જ મળી ગયું હતું. આ પુસ્તકના ઉત્કૃષ્ટ પ્રોડક્શન માટે પણ અભિનંદન આપવા ઘટે.

આ પુસ્તકના લેખક છે, શ્રી રવજી ગાબાણી.જેઓ કેબીનેટ મંત્રીશ્રીના કાર્યાલયમાં પીએ તરીકે સેવા આપે છે. રવજીભાઈનું થોડા માસ અગાઉ હૃદયની ભોંય ભીની કરતી વાતોનું 'ઝિંદગીના screenshorts' નામે પુસ્તક આપ્યું.આ પુસ્તકની પણ બહુ ઓછા સમયમાં નવ આવૃત્તિ પ્રગટ થઈ.જે પણ ગુજરાતની પુસ્તક પ્રકાશન પ્રવુત્તિમાં સીમાચિહ્ન રૂપ ગણાય. ત્યારે સ્વાભાવિક થાય કે એવું તે આ પુસ્તકોમાં શું છેકે,જેથી મોટી સંખ્યામાં પ્રતો પ્રગટ થઈ,લોકોના મનપ્રદેશમાં પ્રવેશી છે! પણ પુસ્તકો પઢયા વગર પરખાય નહીં.

'સિંહનું કાળજું' સિક્કાની બીજી બાજુને મૂકી આપતી કેટલીક કથાઓનો સંગ્રહ છે. જેની પ્રસ્તાવનામાં માં મંત્રી જયેશ રાદડિયા લખે છે: 'સાહિત્યિક દૃષ્ટિએ પણ ઉત્તમ ગણી શકાય એવા આ પુસ્તકમાં મારા પિતાશ્રી (સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયા)ના અગણિત કામોની સંવેદનશીલ કથાઓ છે.આ હૃદયસ્પર્શી કથાઓ વાંચ્યા પછી અનેક લોકોને એમના કોમળ હૃદયનો પરિચય થશે.શા માટે સમગ્ર સૌરાષ્ટ્રના લોકો એમને આટલું અપ્રિતમ ચાહતા હતા !? એની જાણકારી મળશે. એક લોકનેતા,પોતાની પ્રજાના વિશ્વાસને કેવી રીતે અકબંધ રાખી શકે...એની વાતો આ પુસ્તકમાં છે.'

એક લેખકની ગરિમાને ઉજાગર કરતા, લેખક તરીકે રવજીભાઈ લખે છે : 'અહીં કોઈ રીતે મારી કલમને ગીરવે મૂકી કોઈને મોટાં કરવાનો મેં બિલકુલ પ્રયત્ન નથી કર્યો.' જે તેઓએ તદ્દન સાચું કહ્યું છે.

પણ 'મને મળેલ પદ અને પ્રતિષ્ઠા,બીજાનું ધ્યાન માટે છે, નહીં કે બીજાને ધ્યાનમાં રાખવા માટે...' આ વિધાનની ઓળખ પામવા માટેતો લેખકના પુસ્તક 'ઝિંદગીના 'screenshorts'માંથી પસાર થવું પડે. આ પુસ્તકની પ્રસ્તાવનામાં જાણીતા સર્જક શ્રી અશોકપુરી ગોસ્વામી લખે છે : આ પુસ્તક વિશે લખવાનું ઈજન મળ્યું ત્યારે, આવા ફ્યુઝન શીર્ષક માટે મને કૂતુહલ થયેલું. પણ તેનું સમાધાન પુસ્તકની સ્ક્રીપ્ટ વાંચી ત્યારે થઈ ગયું. આ પુસ્તકમાંના છત્રીસ એપિસોડ પૈકી કેટલાંક એપિસોડ ફેસબૂક પર મુકાયેલા. તે પહેલા રવજીભાઈ વિશેની કશી માહિતી મારી પાસે ન હતી... પણ એક અતિ સંવેદનશીલ જણના પરિચયમાં આવવાનું બન્યું. કવિ રાવજી પટેલના શબ્દોમાં કહું તો : 'આ લેખક મને માટીજાયો લાગ્યો છે.' કોરોનાકાળમાં જયારે ઘર બહાર નીકળવાનું નહોતું ત્યારે માંદા થતા મનનો ઈલાજ પુસ્તકોના વાંચન થકી થયો હતો.વાંચન એ આત્માનો ખોરાક છે. લોકોમાં પુસ્તક વાંચવાની વૃત્તિ કેળવાતી જાય છે.

આ કોલમના લેખક લખે છે:આ પુસ્તક વાંચીએ તો પણ આપણામાં સકારાત્મક ઊર્જાનો સંચાર થયા વગર રહે એવું નથી... આ મારો જાત અનુભવ છે.જે કોરોનાની પારાવાર પીડા વચ્ચે પણ પામ્યો છું.' આજે રક્ષાબંધનનો તહેવાર છે.બહેન,ભાઈની રક્ષા માટે પરમાત્માને સદૈવ પ્રાર્થના કરતી હોય છે. પણ ઉત્તમ પુસ્તકનું વાંચન જયારે કરો ત્યારે આપણા મન અને વિચારોને પવિત્ર રાખવાની ગેરંટી આપતું હોય છે.

**છેલ્લે :**

**રક્ષાબંધનમાં બહેનને પુસ્તકોની ભેટ આપવાની પણ કોઈએ પહેલ કરવી જોઈએ !**

# સ્મોલ સિટી, સ્મોલ પ્લેન, બિગ ડ્રીમ = શ્રી જગદીશ કોટેચા

**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

બિઝનેસ ક્ષેત્રે ગુજરાતીની વિશ્વ આખામાં બોલબાલા છે. એવું માનવામાં આવે છે કે પૃથ્વી ઉપર એક પણ જગ્યા એવી નથી કે જ્યા ગુજરાતી ના વસતો હોય. ગુજરાતીનો બીજો એક ગુણ છે એની નીતિ અને પારદર્શકતા. અને તેથી જ વિશ્વભરના મોટા ઉદ્યોગપતિઓ ગુજરાતી સાથે બિઝનેસ કરવા હંમેશાં તત્પર રહેતા હોય છે. અથવા આપણા ગુજરાતીઓને પોતાની કંપનીઓમાં ઉચ્ચ પદ આપતા સહેજેય અચકાશે નહી. ગુગલથી લઈને ગણપતિના મંદિર સુધી ગુજરાતીનું ગૌરવગાન ગવાતું રહ્યું છે. આવા જ એક સવાઈ ગુજરાતી હવે દેશના સાવ નાના શહેરોના લોકોને નાના વિમાનોમાં હવાઈ મુસાફરી કરાવવાનું સ્વપ્ન ''સ્મોલ પ્લેન પ્લાન'' દ્વારા સાકાર કરવા જઈ રહ્યા છે.

આપણે ત્યાં મોટેભાગે વિમાનમાં બેસવું એ મધ્યમ વર્ગ માટે આજે પણ એક સ્વપ્ન સમાન છે. આજે પણ એવા અનેક પરિવારો છે કે જેઓ પોતાના ઘર કે વિસ્તાર ઉપરથી પસાર થતા વિમાનને જોવા ઘરની બહાર નીકળી આવે છે. કેમ કે આવા નાના શહેરોમાં વસતા લોકોએ વિમાનની મુસાફરી કરી હોતી નથી. તેથી તેઓની માટે ઊડતું વિમાન આજે પણ આશ્ચર્ય છે. આજે પણ દેશના કરોડો લોકો હજી સુધી વિમાનમાં બેસવાનું સપનું સાકાર કરી શક્યા નથી. અને હવે મધ્યમવર્ગના માનસનું આ સપનું સાકાર થવા જઈ રહ્યું છે.

આપણે ત્યાં મુસાફરી કરવા માટે બસ, ટ્રેન અને વિમાન – એમ ત્રણ સ્તરીય વ્યવસ્થા ગોઠવાયેલી છે. ચોથી વ્યવસ્થા પોતાની પ્રાઈવેટ કાર કે અન્ય વાહન દ્વારા. જેમાં દેશની મોટાભાગની પ્રજા પ્રથમ બે વ્યવસ્થા બસ અને ટ્રેનનો ઉપયોગ કરે છે અને માંડ માંડ દસ વીસ ટકા લોકો વિમાન પ્રવાસ કરતા હશે. એનું સૌથી મોટું કારણ એ છે કે આપણા દેશમાં મોટા મહાનગરોમાં જ એરપોર્ટની વ્યવસ્થાઓ છે. જેથી નાના નાના શહેરોની પ્રજાને આ લાભ મળતો નથી. અથવા તેમણે વિમાન પ્રવાસ કરવા માટે દેશના મોટા શહેરો જેવા કે અમદાવાદ, દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકત્તા, હૈદરાબાદ, ગુવહાટી, બેંગલોર જેવા મહાનગરો સુધી જવું પડે છે. ત્યાંથી તેઓ વિમાન પ્રવાસ કરી અન્ય મહાનગર સુધી પહોંચી શકે છે. પરંતુ દરેક લોકોને માટે આ શક્ય બનતું નથી. કેમ કે પોતાના ગામ કે શહેરમાંથી મહાનગરના એરપોર્ટ સુધી પહોંચવાનું ટેક્સી ભાડું પણ ખૂબ મોંઘું પડે છે. તેથી દેશના લાખો કરોડો લોકો વિમાનની મુસાફરી કરવાથી વંચિત રહી જાય છે. અને કેટલાક નાના શહેરોમાં એરપોર્ટ છે પણ ત્યાં વિમાનોની અવરજવર નથી.

આ બાબતને ધ્યાનમાં રાખીને મૂળ પોરબંદરના વતની અને વર્ષોથી ગોવામાં સ્થાયી થયેલા ગુજરાતી બિઝનેસમેન શ્રી જગદીશ કોટેચા '' સ્મોલ સિટી સ્મોલ પ્લેન '' પ્લાન લઈને માર્કેટમાં આવી રહ્યા છે. આજે જયારે વધતી જતી મોંઘવારી અને કોરોનાની પરિસ્થિતિને કારણે એરવેઝ – એરલાઈન્સ કંપનીઓ બંધ થઈ રહી છે કે ખોટમાં ચાલી રહી છે તેવા કપરા સમયે આ ગુજરાતી જગદીશભાઈ નાના નાના શહેરોના લોકોને પોતાની આ વિમાની સેવા આપવા તૈયાર થયા છે. શ્રી જગદીશભાઈ વર્ષોથી કાર્ગો એરવેઝ કંપની ચલાવી રહ્યા છે, તો વળી તેઓ શ્રી રામદૂત એરવેઝના સફળ સંચાલક પણ રહ્યા છે. છેલ્લા ૩૫ વર્ષથી તેઓ વિમાની સેવા, કાર્ગો, ટ્રાવેલ્સ એજન્સીઓ, અને વિમાની સેવાના ગ્રાઉન્ડ લેવલ ટિકીટ થી લઈને વિમાન સર્વિસ સુધીની અનેક પ્રકારની સેવાનો કાર્યાનૂભવ તેમને છે. આ અનુભવને આધારે તેઓ હવે નાના નાના શહેરોમાંથી ડાયરેક્ટ દિલ્હી, મુંબઈ, અમદાવાદ, ચેન્નઈ, કોલકત્તા, હૈદરાબાદ જેવા મહાનગરોમાં કામધંધે કે પ્રસંગોમાં જઈ શકે તે માટે વિમાની સેવા આપવા કમરકસી રહ્યા છે. અને આ માટે તેઓ ''બ્લિસ એરવેઝ'' નામની એક એરલાઈન્સ કંપનીની સ્થાપના કરી ચૂક્યા છે. જેના થકી ભારતના અનેક નાના નાના શહેરોને પોતાની લઘુવિમાન સેવાથી સાંકળીને દેશના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને પણ સમૃદ્ધ કરશે.

નાના શહેરોની આ વિમાની સેવાઓ શરું થતા જ ભારતીય ઉડ્ડયન ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચાશે. વિશ્વના અનેક દેશો આ ગુજરાતી સાહસમાંથી પ્રેરણા લેશે. શ્રી જગદીશભાઈને આજે પણ ગુજરાતી હોવાનું ગૌરવ છે. તેમની સાથેની ટેલિફોનીક વાતચીતમાં એક સવાલ મેં પૂછ્યો કે '' નાના શહેરોના લોકોને વિમાનમાં બેસાડવાનો વિચાર તમને ક્યાંથી આવ્યો ?'' તો જગદીશભાઈએ ગૌરવ સાથે કહ્યું કે '' આવો વિચાર ગુજરાતીને જ આવે અને આવું સાહસ ગુજરાતી જ કરી શકે, મને ગુજરાતી હોવાનું ગૌરવ છે. મારી ઈચ્છા છે કે નાનામાં નાનો માનસ પણ વિમાનની મુસાફરી કરી શકવો જોઈએ એટલા સસ્તા ભાડા અમો રાખીશું તો જરૂરથી લોકો મુસાફરી કરશે જ. જેનાથી સમય અને રૂપિયાનો પણ બચાવ થશે. '' જગદીશભાઈની યોજના અનુસાર તેઓ બ્લિસ એરવેઝ એરલાઈન્સ કંપની આ વર્ષના અંત સુધીમાં કે વર્ષ ૨૦૨૨ ના પ્રારંભમાં આ નાના નાના વિમાનોની નાના શહેરોની ડોમેસ્ટિક સેવાઓ શરું દેશે. આ માટે તેઓએ ૭૦/૮૦ અને ૯૦ સીટર એમ ત્રણ પ્રકારના સ્મોલ વિમાનોની ખરીદી પણ કરી લીધી છે. અને કોરોનાની સ્થિતિને કારણે વિલંબ થયો પણ સરકારની મોટાભાગની મંજૂરીઓ હવે લેવાઈ ગઈ છે.

જગદીશભાઈ અને તેમનો પરિવાર છેલ્લા સીત્તેર વર્ષથી ગોવા ખાતે રહે છે. શ્રી રામદૂત એરવેઝ કંપનીના સફળ સંચાલક તરીકે અને એક ઉદ્યોગપતિ તરીકે શ્રી જગદીશભાઈ ખૂબ પ્રસિદ્ધ છે. તેમની વ્યાવસાયિક સૂઝ અને સરળ સ્વભાવને કારણે તેઓ આજે ૧૯૮૬થી ઉડ્ડયન ક્ષેત્રે કાર્યરત છે અને નામાંકિત સાતેક મહત્વની એરલાઈન્સ સહિત ચાર્ટર ફ્લાઈટ્સ અને એક્ઝિક્યુટિવ ચાર્ટર ફ્લાઈટ્સની સેવાઓ કરી રહ્યા છે. વિશ્વભરમાં તેમની ૩૪ જેટલી એરવેઝ ઓફિસો કાર્યરત છે. એરલાઈન્સ સેવાઓમાં શ્રી જગદીશભાઈ અને તેમની કંપનીઓની એક વિશેષ પ્રતિષ્ઠા છે. જે પ્રતિષ્ઠા વિશ્વની મોટી મોટી એરલાઈન્સ કંપનીઓ મેળવી શકતી નથી. તેમની કંપની આ ક્ષેત્રમાં ઘણા એવોર્ડ્સ પણ મેળવી ચૂકી છે.

નાના નાના શહેરોને નાના નાના વિમાનોથી દેશના મોટા મોટા મહાનગરો સાથે જોડવાના પહેલા વિચારથી દેશ અને દુનિયાની વિમાની સેવામાં એક નવો ઈતિહાસ રચાશે. કેમ કે આ જગદીશ ભાઈએ દેશના તમામ સિનિયર સિટીજન્સને પોતાના વિમાનમાં ધાર્મિક યાત્રા કરવા માટે દરેક વિમાનમાં બે બેઠકો બિલકુલ ફ્રી સેવાઓ આપશે, જેમાં સેવા લેનાર સિટિજન્સે માત્ર સરકારી ટેક્સની રકમ જ ભરવી પડશે. વિમાની મુસાફરી ભાડું બિલકૂલ ફ્રી હશે. આરંભે આ સેવા ગોવા ને ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, પંજાબ જેવા રાજ્યોથી શરું કરાશે પછી ધીમે ધીમે આખા દેશમાં શરું થઈ જશે. વળી આજે જ્યારે અન્ય એરલાઈન્સ કંપનીઓ મન ફાવે તેટલા ભાડાઓ લે છે ત્યારે શ્રી જગદીશ ભાઈ એકદમ સસ્તા દરે આ સેવાઓ ઉપલબ્ધ કરાવશે. આ ઉપરાંત સુરત અને વડોદરાથી દુબઈની સીધી ફ્લાઈટ શરું કરવાની યોજના પણ છે. આ માટી ક્યૂ૪૦૦ સીરિઝના ૭૨ બેઠકોવાળા વિમાનોથી શરુઆત કરશે. વળી નવા ગ્રાહકોને આકર્ષવા બ્લિસ એરવેઝ નવા પેકેજિસની ઓફર પણ કરશે.

એક ગુજરાતી ઉદ્યોગપતિ તરીકે શ્રી જગદીશભાઈ છેલ્લા કેટલાક વર્ષોથી ગોવાના વિકાસમાં મહત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે. અને હવે આ નાના વિમાનોથી નાના માણસોના મોટા સપનાઓને પુરા કરીને તેઓ સૌને આકાશમાં ઊડાવશે ત્યારે પ્રત્યેક ગુજરાતી ગૌરવથી છલકાશે.

9426060601.india@gmail.com

# તાલિબાન ૨.૦ : અંધકારમાં અફઘાનિસ્તાન, દહેશતમાં દુનિયા!!

**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

વિયેતનામમાં કરારી હાર પછી અફઘાનિસ્તાન પર તાલિબાનોનું શાશન અમેરિકી ઈતિહાસમાં બીજું કાળું પ્રકરણ લખી ચૂક્યું છે. જગત જમાદારે મિત્રો સાથે મળીને મોટા ઉપાડે ૨૦ વર્ષ પહેલા શરૂ કરેલી સો કોલ્ડ લોકશાહી સ્થાપવાની અને આતંક વિરુધ્ધની લડાઈ અચાનક જ સંકેલીને પોતાની એકતરફી હાર તો સ્વીકારી જ છે પણ સાથે સાથે અફઘાનિસ્તાનની જનતાને એક ઊંડા અને અનિર્ણિત અંધકારભર્યા કૂવામાં પણ ધકેલી દીધી છે. અમેરિકન મીડિયા અને પ્રજામાં ઓલરેડી આવા અચાનક નિર્ણયની આકરી ટીકા થઈ રહી છે. ૨૦ વર્ષો જેવો લાંબો સમય, ૬૧ લાખ કરોડ જેટલા અધધધ કહી શકાય એટલા નાણાંનો ખર્ચ, ૨૩૦૦ થી વધુ અમેરિકી સૈનિકોનાં જીવના બદલામાં અમેરિકા અને મિત્રદેશોના હાથમાં હારના કોળીયા સિવાય કશું નથી આવ્યું. વીતેલા આ ૨૦ વર્ષોમાં અફઘાનિસ્તાનના અંદાજે એક લાખથી વધુ નાગરિકો અને ૬૦૦૦૦ થી વધુ અફઘાન સલામતી સૈનિકો માર્યા ગયા એ લટકામાં. તાલિબાનને ભલે ક્રૂર, હિંસક અને આતંકવાદી સંગઠન ગણાવાતું હોય છતાં એ હકીકત છે કે લગભગ ૬૦૦૦૦ જેટલા તાલિબાની લડવૈયાઓએ અમેરિકાને ઘૂંટણીયે પાડીને અફઘાનિસ્તાન છોડવા મજબૂર કર્યું છે જેમાં અફઘાની શાસનનો ભ્રષ્ટાચાર અને અમેરિકી ખુફિયા એજન્સીની નાકામીની સાથે સાથે તાલિબાનોએ ચાલુ રાખેલા આક્રમણો પણ કારણભૂત છે.

ખેર અમેરીકામાં 'અફઘાનિસ્તાનમાં આપણે શું મેળવ્યું?' એની ચર્ચા તો ઘણા વખતથી ચાલે છે અને હજુ ચાલવાની પણ અફઘાનિસ્તાનની જનતા હવે એક એવા યુગમાં પ્રવેશી ચૂકી છે જ્યાં અત્યારે તો અંધકાર સિવાય કશું દેખાતું નથી. ૧૯૯૬ થી ૨૦૦૧ સુધી શાસન કરનાર તાલિબાનોના ઈસ્લામિક શાસન સ્થાપવાના મનસૂબાઓની યાદ હજુ અફઘાનિસ્તાનની જનતાના દિલો દિમાગમાં છે અને એક પછી એક પ્રાંત અને શહેરો પર કબ્જો કરનારા તાલિબાનોના તાજેતરનાં પગલાઓ એ વાતનો સંકેત છે કે અફઘાનિસ્તાન ફરી એકવાર આઝાદીની હવા ગુમાવવાનું છે. સત્તાના સૂત્રો હજુ સંભાળવાના બાકી છે એ પહેલા તો ઈસ્લામિક લો લાગુ કરવાની તાલિબાનોની જાહેરાત છેલ્લા થોડા વર્ષોમાં અફઘાનિસ્તાનમાં થયેલી પ્રગતિ અને વિકાસને રૂંધવા માટે કાફી છે. મહિલાઓ પર અત્યાચારો માટે તાલિબાનો કુખ્યાત છે જો કે આ વખતે તાલિબાને એમ કહીને નરમ વલણ બતાવ્યુ છે કે મહિલાઓને કામ કરવાની આઝાદી મળશે, મહિલાઓ સ્કૂલે જાય એમાં અમને કોઈ વાંધો નથી પણ આ બધુ ઈસ્લામિક કાયદાની અંતર્ગત જ થશે. અફઘાનિસ્તાનમાં કાબુલ જેવા મોટા શહેરને બાદ કરતાં મહિલાઓની સ્થિતિ દયનીય છે. તેમના પર અત્યાચારો અને દમનના સમાચારો તો અત્યારથી જ મળી રહ્યા છે એવામાં સૌથી વધુ જો કોઈ ભયમાં હોય તો એ